GJSR100001342026

# મહેરબાન ઉમરપાડાના પ્રિન્સીપાલ સિવિલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ઉમરપાડા, જિ.સુરત

**ફોજદારી કેસ નંઃ–૧૨૯/૨૦૨૬**

**આંકઃ– ૬**

ફરીયાદી : **સરકારશ્રી**

વિરૂધ્ધ

આરોપી : **દિવ્યેશભાઈ ધારાસિંગભાઈ વસાવા**
**રહે. ખોંડા આંબા ગામ,દિવળ ફળિયું, તા.ઉમરપાડા. જિ.સુરત.**

૦૧. ફરીયાદ પક્ષના કેસની તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પ્રોહી કલમ ૮૫ ગુન્હા અંગે ચાર્જશીટ કરેલ છે.

૦૨. ત્યારબાદ, આરોપીએ અત્રેની અદાલત સમક્ષ હાજર થઇ, પોલીસ તપાસના કાગળોની મળ્યાની ખાતરી કરેલ છે, આરોપીના વ.શ્રી એ આરોપીને પ્રોહી કલમ ૮૫ માંથી ડીસ્ચાર્જ કરવા આંક–૩થી અરજી કરેલ છે. તે અરજી ઉપર હુકમ કરી ના. કોર્ટે આરોપી વિરુધ્ધ પ્રોહી કલમ ૬૬–૧–બી નો ચાર્જ કરેલ છે. હાલની પુરસીસ રજુ કરી આરોપી એ સ્વેચ્છીક રીતે અને રાજીખુશીથી ગુનાની કબુલાત કરેલી છે. તેમજ આરોપીએ હાલની ગુના કબુલાતની પુરસીસ રજુ કરીને, ઓછામા ઓછી સજા અને દંડ કરવા માટે પોતાને પુરતા અને વ્યાજબી કારણ હોવાનું જણાવેલ છે. આરોપી ગુનો કબુલ કરવા બંધાયેલા નથી તેમ જણાવવા છતા અને સમજાવવા છતા પણ આરોપી સ્વેચ્છીક રીતે ગુનો કબુલ કરતા હોઈ કબુલાતની પુરસીસ દાખલ કરવામાં આવી છે.

૦૩. આરોપી સામે પ્રોહી એક્ટ ની કલમ ૬૬–૧–બી મુજબના સામાન્ય ગુનાનું તહોમત છે. તેમજ આરોપીની સબબ ની કબુલાતની પુરસીસ વંચાણે લેતા તેમા જણાવેલ કારણોને ધ્યાને લેતા આરોપી ગરીબ/મધ્યમ વર્ગના માણસ જણાય છે. તેમજ તેઓ ના તરફે રજુવાત કરવામા આવેલ છે કે તેઓ ઉમરલાયક વ્યક્તી છે અને કુટુંબમા એક માત્ર કમાનાર વ્યકતી છે. તેમના જણાવ્યા પ્રમાણે તેઓ ખુબજ સાધારણ પરીસ્થીતી ધરાવતા ઇસમ છે અને ભારી દંડ ની રકમ ભરવા તેઓ સક્ષમ નથી. તેમજ આરોપી એ ગુનો કર્યા

નો પણ અફસોસ વ્યક્ત કરે છે, અને ભવિષ્યમા આવો બીજો ગુનો નહી કરે તે અંગે ની ખાત્રી આપે છે.

૦૪. ઉપરોક્ત તમામ હકિકતો ધ્યાને લેતા અને ગુના ની ગંભીરતા ધ્યાને લેતા તેમજ નામદાર ગુજરાત રાજયની વડી અદાલતે ૨૦૦૫(૫) જી. એલ. આર. ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવર હરચંદજી ઠાકોર, ના ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રસ્થાપીત કરેલ છે કે, જો પુરતા અને વ્યાજબી કારણો હોય, તો દરેક કેસની હિકકતો ધ્યાનમા લઈને, નીચેની અદાલતમાં કાયદામાં કરેલી જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. અને સદર ચુકાદાના પેજ નં. ૭૨૧ ઉપર પેરા ૨૧ મા જે કારણો બતાવેલા છે તેને ધ્યાને લેતા, ઉપરોક્ત ચુકાદો આરોપીના કેસને, લાગું તથા મદદ રૂપ થતા હોય તેમ આ અત્રેની અદાલતનું માનવું છે. તેમજ રજુ થયેલ દસ્તાવેજો જોતા સબબ કામના આરોપી સામે અગાઉ કોઈ આ મુજબ નો ગુનો દાખલ થતા તેઓ ને દોષિત ઠેરવવામાં આવેલ હોય, તેમ માલુમ પડતુ નથી. જેથી સબબ કામે સજા અંગે ન્યાયના હિતમાં નીચે મુજબ નો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

૧. આરોપીને પ્રોહી એક્ટ ની કલમ ૬૬–૧–બી મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવેછે.

૨. આ કામ ના આરોપીને કોર્ટ ઉઠે ત્યારસુધી ની સાદી કેદ ની સજા તથા આરોપીએ કુલ્લે **રૂ.૨૦૦/– (અંકે રૂપિયા બસો પુરા)** દંડ ભરવો, અને જો આરોપી દંડ ની રકમ ના ભરે તો આરોપીને દિન ૦૨ ની સાદી કેદની સજાનો હુકમ કરવાનું ફરમાવવામાં આવે છે.

૩. આજ રોજ **તા.૧૪મી, માહે.માર્ચ,સને ૨૦૨૬** ના રોજની **નેશનલ લોક અદાલત**ની સ્પેશીયલ સીંટીંગમાં હુકમ જાહેર કર્યો.

સ્થળ: ઉમરપાડા

તા.૧૪/૦૩/૨૦૨૬

(વી.એન.પટેલ)
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ
કલાસ ઉમરપાડા,
કોડ નં. – જીજે૦૧૭૬૬

આરોપી પાસે દંડ પેટે રૂપિયા અંકે બસો પુરા આજરોજ તારીખ ૧૪/૦૩/૨૦૨૬ ના રોજ સ્વીકારેલ છે.

રજીસ્ટ્રાર(કમ નાઝર), સિવિલ કોર્ટ, ઉમરપાડા,